# શ્રી વસિષ્ઠ વિદ્યાલય,વાવ.(ગુજરાતી /દ્વિભાષી માધ્યમ)

**'કાચો છું તો સમજણ આપ, કાં તો પાછું બચપણ આપ.'**

## સ્પર્શ - 2023

### બાળરમતોત્સવ

સ્નેહી વાલીશ્રી,

બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા અને વાલીનાં બાળપણનાં સંસ્મરણોને તાજા કરવા વસિષ્ઠના પટાંગણમાં નર્સરી થી સિ.કે.જી. ના બાળકો અને વાલીશ્રીઓ માટેનો સ્પર્શ - રમતોત્સવ તા. 05-11-2023 ને રવિવારના રોજ રાખેલ છે, તે આપ જાણો છો.

### બાળકો માટેની રમતો

| ધોરણ | રમત | રમત રમવાની રીત | રમત | રમત રમવાની રીત |
|---|---|---|---|---|
| નર્સરી | કલેક્ટ ધ વેજીટેબલ | બાળકે પ્રસ્થાન રેખાથી ટોપલી લઈને સમયાંતરે ટ્રેક પર મૂકેલ શાકભાજીને ટોપલીમાં મૂકીને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | રેબીટ રેસ | પ્રસ્થાન રેખાથી બાળકે રેબીટનાં માસ્ક પહેરીને જમ્પ કરતાં કરતાં ટ્રેક પર મૂકેલ ગાજર લઈને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| જુ.કે.જી. | હોર્સ રેસ | બાળકે પ્રસ્થાન રેખાથી હવા ભરેલ હોર્સ પર બેસી જમ્પ કરતાં કરતાં વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | કલેક્ટ ધ ફ્રૂટ | બાળકે પ્રસ્થાન રેખા પરથી પેપર બેગ લઈને સમયાંતરે ટ્રેક પર મૂકેલ ફળને બેગમાં મૂકીને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| સિ.કે.જી. | વિઘ્ન દોડ | બાળકે પ્રસ્થાન રેખાથી સમયાંતરે ટ્રેક પર મૂકેલ વિઘ્ન પસાર કરીને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | કોન બેલેન્સ | બાળકે પ્રસ્થાન રેખા પરથી મૂકેલ કોન લઈને મિડલમાં મૂકેલ બોલને કોન પર મૂકીને બેલેન્સ કરી વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |

### વાલીશ્રીઓ માટેની રમતો

| મમ્મી / પપ્પા / બાળક | રમત | રમત રમવાની રીત |
|---|---|---|
| મમ્મીની રમત | પોટ બેલેન્સ | મમ્મીએ પ્રસ્થાનરેખા પરથી માથા પર ઈંઢોણ મૂકીને ઈંઢોણ પર ઘડો મૂકીને બેલેન્સ કરી વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| પપ્પાની રમત | કોથળા કૂદ | પપ્પાએ પ્રસ્થાન રેખા પરથી કોથળો પહેરીને જમ્પ કરતાં કરતાં વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| મમ્મી અને પપ્પાની રમત | બલૂન બેલેન્સ | મમ્મી અને પપ્પાએ પ્રસ્થાન રેખા પરથી બલૂનનું બેલેન્સ જાળવીને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| મમ્મી -પપ્પા અને બાળક સાથેની રમત | કેચ ધ બોલ | બાળક પ્રસ્થાનરેખા પરથી મૂકેલ બોલ લઈને મિડલમાં ઊભેલાં મમ્મી અથવા પપ્પાને બોલ આપશે. મમ્મી અથવા પપ્પાએ તેમની સામે ઊભેલાં મમ્મી અથવા પપ્પાને બોલ થ્રો કરશે.થ્રો કરેલ બોલનો મમ્મી અથવા પપ્પાએ કેચ કરવાનો રહેશે.આ કેચ કરેલ બોલ મમ્મી કે પપ્પાએ ટોપલીમાં ભેગા કરવાના રહેશે.જેમની ટોપલીમાં વધારે બોલ ભેગા થશે તેમને વિજેતા જાહેર કરવામાં આવશે. |

નોંધ:-

- રમતોત્સવમાં ભાગ લેવા બાળકોને પ્રોત્સાહન આપીએ અને આપણે પણ ભાગ લઈને બાળપણના સંસ્મરણોને વાગોળીએ.
- રમતોત્સવમાં વિજેતા બાળકોને અને વાલીશ્રીને મેડલથી સન્માનિત કરવામાં આવશે અને વિજેતા ન થનાર બાળકોને આશ્વાસન મેડલ આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવશે.
- વાલીશ્રીએ બાળકને તૈયાર કરીને તા.5/11/2023 ને રવિવારના રોજ સ્પર્શ કાર્યક્રમમાં સવારે 8:30 કલાકે શાળાએ લાવવાના રહેશે અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બાળકને વાલીશ્રીએ સાથે લઈ જવાના રહેશે.
- રમતોત્સવ પૂર્ણ થયા બાદ ભોજનની વ્યવસ્થા પણ રાખેલ છે.
- ભોજન બાદ વાલીશ્રીએ આપના પાલ્યનાં વર્ગશિક્ષક પાસેથી **પ્રથમ સત્રાંત પરીક્ષાનું પરિણામ અને એક્ટિવીટી કીટ** મેળવી લેવાની રહેશે.

**આચાર્યશ્રી**